

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લોન લીધા પછી માલ્યાઓ, બેંક ડૂબાડી દે છે,*
*સ્વાર્થી-લોકો વિશ્વાસે ભરોસો ડૂબાડી દે છે.*
*કામ પત્યા પછી ભલભલાને ડૂબાડી દે છે*
*વિઘ્ન પછી વિઘ્નહર્તાને ડૂબાડી દે છે.*

### હાઈકુ

*ભૂલ્યા છે માપ,*
*હવે, 'ઈંચ' માં નહીં -*
*ફૂટમાં પડે છે!*
*(બદલાયાં માપ)*

*ભૂવા ને ખાડા*
*પૂરી નાખ્યા ઈશ્વરે*
*'બેટ' બનાવી*
*(મ્યુ. ઈજનેર ત્યાં પણ પહોંચી ગયા?!)*

### ચિંતન

**પથ્યમપથ્યં વા અજીર્ણે નાશ્નીયાત્ ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યૂ સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**અપથ્યથી અજીર્ણ થયું હોય ત્યારે પથ્યનો પણ ત્યાગ કરવો.**

**કોઈ ભારે (પચાવવામાં મુશ્કેલ) વાનગી આરોગવાથી પેટમાં અજીર્ણ થયું હોય ત્યારે સરળતાથી પચી જનારી (પથ્ય) વાનગી પણ ના આરોગવી જોઈએ. ઉપવાસ જ અજીર્ણની સૌથી કારગત દવા છે.**

**આજકાલ લોકો જંકફૂડ, તેલ, મેંદો, આથાવાળો ખોરાક ખાઈ બિમાર પડે છે. આયુર્વેદ પ્રમાણે માણસ - ન ખાઈ ને મરતો નથી પણ જેવું-તેવું - ખૂબ ખાઈને મરે છે. જયારે અપચો-અજીર્ણ થયું હોય ત્યારે 'અપવાસ' જ દવા છે.**

### સુવિચાર

- પૈસા આપણને મર્યાદિત સુખ લાવી આપે છે, પણ અમુક તબક્કા પછી તે માત્ર વધુ પૈસો જ લાવી આપી શકે છે - **નીલ સાયમન**
- જે માણસ હસવામાં કંજુસાઈ કરે છે એનો ભરોસો કદી ન કરવો - **રસિક મહારાજ**
- સારી બંદૂક કરતાં સારો પાડોશી વધારે સારો પડે છે - **યહુદી કહેવત**
- ધર્મવાન આત્મા જાગતો સારો, અધર્મી આત્મા સૂતેલો સારો - **માહવીર**
- આશા વગરનો ધર્મ એ અગ્નિ વગરની યજ્ઞવેદી જેવો છે - **અખંડ આનંદ**
- તમને રસ્તો કોઈ કટ્ટરપંથી હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી - જૈન કે શીખ મળી જાય તો નાક દબાવીને જલ્દી દૂર સરકી જજો અને એનાથી ચેતીને ચાલજો, કટ્ટરતા હિંસાની સગી બહેન છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : લસણની કળી વાટીને નાકથી સુંઘવાથી હિસ્ટીરીયાની મૂર્છા મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ધર્મની સાંકડી વાડાબંધીમાં રહે તે તુચ્છ છે, માનવધર્મની ક્ષિતિજોને વિસ્તારીને સૌ પ્રત્યે સ્નેહભાવ દાખવે તે મહાન છે.

જમશેદજી તાતા એકવાર એમના પારસી મિત્ર સાથે જેરુસલેમ ગયા હતા. ત્યાં એક ક્રિશ્ચિયન કન્યાશાળાની મુલાકાત લીધી. શાળાનો સ્વચ્છ વહીવટ, સુંદર વ્યવસ્થા, વિદ્યાર્થીઓની નમ્રતા અને શાળાના આચાર્યથી માંડીને પટ્ટાવાળાની કામની ધગશ જોઈ એ શાળાને એ વખતના દસ હજાર રૂપિયાનું દાન આપી કદર કરી હતી. સાથે આવેલ પારસી એ જમશેદજીને ટોકતા કહ્યું, 'આપણે પારસી છીએ છતાં એક ક્રિશ્ચિયન કન્યાશાળાને માટે દાન આપવું, આવી ઉદારતા બતાવવી એ વાત મને હજમ થતી નથી.' જમશેદજીએ જવાબ આપ્યો, 'ભાઈ, સ્વધર્મી અને પરધર્મી એવા ખોટા વિચારો કરીએ તો જગતનો વ્યવહાર કેમ ચાલે? ધર્મ અને સંપ્રદાય તો માણસે બનાવ્યા છે. ઈશ્વરે તો માનવીને જ બનાવ્યો છે. માનવીનું મન જો ટૂંકું હશે તો એનો વિકાસ પણ ટૂંકો જ હશે. વ્યાપક વિકાસ ઝંખતા માણસે અને સમાજે આવા વામણા અને તુચ્છ ખ્યાલોમાંથી મુક્ત થઈને સમભાવ અને સદ્ભાવ દ્વારા એક માત્ર માનવધર્મની માવજત કરવાનું જ શીખવું જોઈએ.'

જમશેદજીની વાત સાંભળી સાથે આવેલા પારસી સજ્જન શરમના માર્યા નીચું જોઈ ગયા.

# મંત્રીમંડળના વિસ્તરણમાં અનેક સંકેતો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના મંત્રીમંડળનું વિસ્તરણ કરીને ૨૦૧૯ની ચૂંટણી માટેની નવી ટીમ ઊભી કરી છે. એમણે અત્યાર સુધીના મંત્રીમંડળની ખૂટતી કડીઓ સરભર કરવાના ઈરાદાસર ચાર રાજયકક્ષાના મંત્રીઓને કેબીનેટ મંત્રી તરીકે બઢતી આપી છે તો વળી જુદા જુદા વિસ્તારો, જ્ઞાતિ સમાજો અને બૌદ્ધિકોનો સમાવેશ કરી નવ નવા રાજયકક્ષાના મંત્રીઓનો સમાવેશ કર્યો છે. આ ગંજીપો ચીપતાં કુલ છ પ્રધાનોને પાણીચું પકડાવવું પડ્યું છે અને ઘણા બધા મંત્રીઓના ખાતાં બદલવામાં આવ્યા છે. ૨૦૧૯ની ચૂંટણી પૂર્વે મોદી સરકાર એક વિકાસને વરેલી સર્વગ્રાહી સરકાર તરીકેની છાપ ઊભી કરવા માગે છે. એ માટે જ્ઞાતિ સમાજોના પ્રતિનિધિત્વ જેટલું જ મહત્ત્વ કાર્યક્રમોના અમલીકરણનું રહેશે. આ જ કારણસર એનડીએના ઘટક પક્ષોને પ્રતિનિધિત્વ આપી રાજી કરવાને બદલે મોદીએ ભાજપના જ સક્ષમ ચહેરાઓને મહત્ત્વ આપ્યું છે અને બે બિનસાંસદ બૌદ્ધિકો - કાર્યદક્ષ નિવૃત્ત અધિકારીઓને રાજયકક્ષાના મંત્રીઓ તરીકે સામેલ કર્યા છે. જે બે ખાતાં માટે સક્ષમ કેબિનેટ મંત્રીઓની ખોટ વરતાઈ રહી હતી તે પણ રાજયકક્ષાના મંત્રી તરીકે સારી કામગીરી બજાવી કેબિનેટ મંત્રી તરીકે બઢતી મેળવનારા મહાનુભાવોને સામેલ કરી ભરપાઈ કરી શકાશે. જો કે હાલ પૂરતા અરુણ જેટલીને સંરક્ષણ મંત્રી તરીકે ચાલુ રાખવા પડ્યા છે કારણ કે એમને જાપાન ખાતે જવાનું નિમિત્ત સંરક્ષણ વિભાગ જ હતો. વળી પીયૂષ ગોયલને રેલવે મંત્રી બનાવી એ પ્રશ્ન હલ કરી ઉમા ભારતી જળ સંસાધન મંત્રી તરીકે નિષ્ફળ નીવડ્યાં હોવા છતાં એમની હકાલપટ્ટી કરવામાં મોદીને જોખમ વરતાયું છે. અલબત્ત ઘણા કેબિનેટ મંત્રીઓ સાથે એમનું મૂળ ખાતું બદલીને ચાલુ રહેવું પડ્યું છે તે મોદીની મજબૂરી છે. સુરેશ પ્રભુ રેલવે મંત્રી તરીકે સફળ થતાં થતાં રહી ગયા, પરંતુ સંજોગોએ એમને ખાતું છોડવાની ફરજ પાડી છતાં મોદીએ એમને નિષ્ઠાની કદર કરી એમને મંત્રીમંડળમાં ચાલુ રાખ્યા છે. જે ચાર રાજયકક્ષાના મંત્રીઓને બઢતી આપીને કેબિનેટ રેન્ક અપાયેલ છે તે બધાને સારી કામગીરી બદલ કદર થઈ રહી હોવાનો અહેસાસ થાય તે સ્વાભાવિક છે. સંરક્ષણ અને રેલવે જેવાં મહત્ત્વનાં ખાતાં બદલવાનો પ્રશ્ન હલ થયા પછી નવા ભારતના નિર્માણના સંકલ્પ સાથે આમેજ કરાયેલી

**તંત્રીસ્થાનેથી...**

નવી ટીમના તમામ ચહેરા પોતપોતાની રીતે વિશિષ્ટ છે. દાખલા તરીકે મુખ્તાર અબ્બાલ નકવીની બઢતીથી જયાં નારાજ મુસ્લિમ સમાજને પોઝિટિવ સંકેત અપાયો છે ત્યાં આલ્ફોન્ઝ કરંથમ જેવા સક્ષમ પૂર્વ કમિશનરને સામેલ કરી કેરલના ખ્રિસ્તી સમાજ ઉપરાંત દેશના સનદી અધિકારીઓ પ્રત્યે પણ પોતે સદ્ભાવ ધરાવતા હોવાનો વડાપ્રધાને સંકેત આપી દીધો છે. આલ્ફોન્ઝ કરંથમ બે પૈકી એક પણ સદનના સભ્ય નથી, એ જ રીતે શીખ સમુદાયનું પ્રતિનિધિત્વ કરતા હરદીપસિંહ પુરી પણ પૂર્વ ઈંડિયન ફોરેન સર્વિસના સભ્ય છે. સંસદમાં એમને પણ છ મહિના સુધીમાં ચૂંટાવું પડશે. એમના વિદેશ સેવાઓના અને સંરક્ષણ અનુભવનો લાભ સરકારને મળશે. આ બેઉ વિશિષ્ટ પ્રતિભાઓના સમાવેશથી ભાજપનાં અંતરંગ વર્તુળો ઉપરાંત એનડીએના શિવસેના અને જદ(યુ) કે અકાદી દળ અને એડીએમકે જેવા ઘટક પક્ષોમાં છૂપો અસંતોષ જરૂર સમજાશે. રાજયકક્ષાના મંત્રીઓ તરીકે સામેલ કરાયેલ મંત્રીઓ સ્થાનિક સ્તરે જૂથબંધીને ડામવા ઉપરાંત જ્ઞાતિ સમીકરણો કામે લગાડાયં છે. ગુલામનબી આઝાદે આ વિસ્તરણ એ મોદી સરકારની અત્યાર સુધીની નિષ્ફળતાઓનું પરિણામ હોવાનું જણાવ્યું છે, પરંતુ જયાં જયાં જૂથબંધી છે અથવા ચૂંટણી આવી રહી છે એવાં રાજયોમાં સિનિયર આગેવાનોને ઠેકાણે પાડી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે જરૂર એક તક ઝડપી છે. વિકાસ, વિકાસ અને માત્ર વિકાસનું સૂત્ર લઈ આ વિશાળ દેશમાં સત્તા પર ટકી રહેવું અશક્ય છે, એટલો અહેસાસ તો એમને જરૂર થઈ ચૂક્યો છે. ગુજરાતના કેટલાક સાંસદો પણ આગામી ચૂંટણી પૂર્વે લાલ લાઈટવાળી સુવિધાઓ મેળવવા તલપાપડ હતા, પરંતુ એમની મંશા ફળી નથી. મોદી-શાહની જોડીએ આ વિસ્તરણની છેલ્લી ક્ષણ સુધી ગોપનીયતા જાળવી રાખી છે તે પણ સૂચક છે. છેલ્લાં ત્રણ વર્ષથી મંત્રીપદું ઝંખતા પૂર્વ પોલીસ કમિશનર સત્યપાલસિંહ કે પૂર્વ ગૃહસચિવ આર.કે. સિંહ અને બિહારી નેતા અશ્વિની ચૌબે જેવા સાંસદોની જહેમત ફળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગંજીપો ચીપ્યા પછી ચુપચાપ ચીનયાત્રા આરંભી છે ત્યારે એમના ચહેરાની ભાષા વાંચનાર પણ એટલું તો જરૂર સમજી શકે કે હાલ ભાજપમાં કે સરકારમાં જે ભારેલો અગ્નિ પ્રજળી રહ્યો છે એનો અણસાર એમને જરૂર આવી ગયો હોવો જોઈએ.

# હિન્દીને રાષ્ટ્ર ભાષા તરીકે વહિવટમાં લેવા હાઈકોર્ટમાં કરેલ પીટીશન રદ

- રાષ્ટ્ર ભાષા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૯ ની ઉપકલમ ૨ માં પણ રાષ્ટ્રનો વહિવટ દેવનાગરી લીપી એટલે કે હિન્દીમાં કરવો તેવો ઉલ્લેખ છે
- ભારતના બંધારણની કલમ ૩૪૩(૩) તથા ૧૨૦(૨) થી રાષ્ટ્ર ભાષાનું સ્વરૂપ આપેલ છે.



## કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ભારતની રાષ્ટ્ર ભાષા હિન્દી હોવા છતા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં હિન્દી રાષ્ટ્રા ભાષામાં વહિવટ કરવાની પીટીશન ફગાવી દીધી છે અંગ્રેજીએ વિદેશી ભાષા હોવા છતાં હજુ સુધી અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થતા નથી તાલુકા કોર્ટોમાં પણ હવે તો અંગ્રેજીનો જ દુરાગ્રહ રાખવામાં આવે છે. કાયદા અંગ્રેજીમાં જ છે તથા હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટ અંગ્રેજીમાં જ ચુકાદા આપે છે. ટ્રાયલ કોર્ટે પણ હવે તો અંગ્રેજીમાં જ ચુકાદા આપવાની પ્રથા ચાલુ કરી છે જેથી અપીલમાં હાઈકોર્ટ કે સુપ્રિમ કોર્ટના જજીસને તકલીફ ના પડે પરંતુ અંગ્રેજીની જાણકારી ધરાવતો વર્ગ કેટલા ટકા? ડોમેસ્ટીક લેવલે અંગ્રેજીનું ચલણ નહિવત છે તેવા સંજોગોમાં રાષ્ટ્ર ભાષા હિન્દીને પ્રાધાન્ય આપવું જરૂરી હોવા છતા કેન્દ્રનો વહિવટ અંગ્રેજીની જગ્યાએ હિન્દીમાં કરવાની પીટીશન તાજેતરમાં જ હાઈકોર્ટે ફગાવી દેતા હિન્દી ભાષાના કોર્ટમાં ઉપયોગ ઉપર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.

ટેકનોલોજીના યુગમાં અંગ્રેજી આવશ્યક છે. વૈશ્વિક રીતે આપણે પછાત ના રહી જઈએ તેટલા માટે પણ અંગ્રેજી જરૂરી છે પરંતુ માતૃ ભાષામાં મળેલ જ્ઞાન જ સર્વોપરી છે તે સર્વ માન્ય બાબત છે અને વૈજ્ઞાનિકથી લઈ અન્જીનીયર તથા ડૉકર પણ કબુલે છે પરંતુ યેનકેન રીતે આપણે પછાત ના ગણાઈએ તેટલા માટે આપણે તો અંગ્રેજીમાં જ બોલવું તેવો ટ્રેન્ડ ફેશન રૂપે જ ઉભરતો જાય છે હવે તો મોબાઈલમાં પણ ડોમેસ્ટીક ભાષામાં જ એપ્લીકેશન આવે છે મેસેજીસ ડોમેસ્ટીક ભાષામાં કરવાની સવલત ઉપલબ્ધ છે પછી ભલે તે ચાઈના કે જાપાનમાં બનેલો મોબાઈલ જ કેમ ના હોય.

કેન્દ્રમાં ભાજપ સરકાર હોવા છતાં હિન્દી ભાષાને પ્રાધાન્ય આપવામાં પીછેહટ કરવી પડે છે. ભારતના બંધારણની કલમ ૨૨૬ મુજબ કેન્દ્ર સરકારે તથા ઉચ્ચ ન્યાયાલયે તેના રૂટીન કામકાજ માટે હિન્દી ભાષાનો જ ઉપયોગ કરવો તેમ કહી શકાય નહી તેમજ આવો આદેશ પણ કોર્ટ સરકારને કરી શકે નહી પરંતુ બંધારણમાં સુધારા વધારા કરવાની તથા નવા કાયદા ઘડવાની સત્તા ભારતના બંધારણ મુજબ લોકસભા તેમજ રાજય સભાની છે તો શા માટે કાયદામાં સુધારો કરવામાં આવતો નથી.

અંગ્રેજી ભાષાને સહયોગી ભાષા તરીકે લઈ જઈ શકાય અને હિન્દીને મુખ્ય ભાષા બનાવી શકાય તેમ છે પરંતુ રાષ્ટ્રની મુખ્ય ભાષા હિન્દી હોવા છતાં બંધારણની કલમ ૩૪૩(૩) તથા ૧૨૦(૨) થી હિન્દીને રાષ્ટ્રભાષાનું બંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું છે જે લગત કાયદામાં પણ વિસંગતતા જોવા મળે છે બંધારણની કલમ ૨૨૬, ૩૪૩(૩) તથા ૧૨૦(૨) માં સુધારો અતિઆવશ્યક છે જે સમયની માંગ છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# મારા જ હૃદયના ધબકારા સાંભળી શકું, તો જિંદગી તને થેંક્યુ...

*તું કોઈ અમેરિકન પત્નીની જેમ*
*મને છોડીને ચાલી તો ન ગઈ.*
*તેં મને*
*અનેક માણસોની વચ્ચે વકીલોને સહારે*
*કોર્ટમાં બદનામ પણ ન કર્યો,*
*ન તો કયારે આક્રોશ કર્યો, ન ફરિયાદ કરી.*
*માત્ર એક દિવસ વાતવાતમાં તું આટલું જ બોલી ગઈ :*
*'આવતે ભવે પતિ તરીકે તમે તો નહીં જ !'*

**- વિપિન પરીખ**

આપણે ત્યાં આજે પણ પુરુષને પોતાના બધો થાક, સ્ટ્રેસ અને કંટાળો પત્ની પર ઉતારવાનો જન્મસિદ્ધ અધિકાર છે તેમ માનવામાં આવે છે. દુનિયા સામે સભ્ય રીતે વાતચીત કરનાર અચાનક ઘરે આવતાં જ તોછડાઈપૂર્વક પોતાનો રોષ વ્યકત કરતો જણાય છે અને મોટાભાગે સ્ત્રીઓ તેમજ અન્ય વડીલો એને પ્રેમ કે લાગણી સમજીને અવગણી કાઢે છે. પણ ખરેખર તો એ સ્ત્રીના આત્મસન્માન પરનો આકરો પ્રહાર જ ગણાય. આપણે જયારે કોઈને અંગત માનીએ છીએ ત્યારે અજાણતાં જ તેના પર પોતાનો માલિકીહક પ્રસ્થાપિત કરવા ઈચ્છીએ છીએ. માલિકીભાવ સાથે અન્યને પ્રેમ તો કરવો પણ સાથોસાથ પોતાના ગમા-અણગમા કે ગુસ્સો અને હતાશાનો ભાવ પણ અન્ય પર ઢોળી પાડવો એ કઈ રીતે યોગ્ય ગણાય?

આજકાલ સ્ત્રી પુરુષ સમોવડી બની છે અને ઘરની આર્થિક જવાબદારીમાં પણ પુરુષને સાથ આપતી બની છે. પરંતુ, સ્ત્રી કયારેય પોતાના કામનો તણાવ ઘર-પરિવાર, પતિ કે બાળકો પર નથી ઉતારતી. આજકાલ આલ્કોહોલ લેવાની પ્રથા પણ શનિવાર-રવિવારની પાર્ટીમાં સાવ સામાન્ય બની છે ત્યારે પતિ-પત્ની અને તેમના સાથી મિત્રો સૌ સાથે મળીને પ્રસંગોપાત આલ્કોહોલનું સેવન કરતા હોય છે. પણ એમાંય કયારેય કોઈ પત્નીએ નશાની અવસ્થામાં પતિને એલફેલ ગાળો ભાંડી હોય કે મારઝૂડ કરી હોય તેવી બાબત જાણવામાં આવી નથી. સ્ત્રી આજે પણ પુરુષથી થોડી વધુ સંવેદનશીલ છે અને માટે જ દુનિયાની તમામ મુશ્કેલીઓ સામે બાથ ભીડીને લડી લેનાર સ્ત્રી પતિ કે પરિવારના સભ્યો સામેની લડાઈમાં હારી બેસે છે. તેનું આત્મસન્માન ઘવાય છે. કવિશ્રી પ્રિયકાન્ત મણિયાર ખૂબ સુંદર રીતે સ્ત્રીની આ મનોદશાને વ્યક્ત કરતા લખે છે કે,

*"તમારા સ્નેહની રુશ્નાઈ ન'તી મેં એવી જાણી કે*
*લખાશે ગ્રંથ પૂરો ત્યાં બધા અક્ષર ઊડી જાશે;*
*સમંદર ખેલનારી એ ન'તી મેં એવી જાણી કે,*
*તમારી નાવ ઝાકળબિંદુની માંહે બૂડી જાશે!"*

આજ જયારે નારીમુક્તિનો ડંકો દેશ-વિદેશમાં વાગી ચૂક્યો છે ત્યારે મુસ્લિમ સ્ત્રીઓ માટે, ઘરમાંથી બુરખા સાથે નીકળવું એ પણ એક મુક્તિનું લક્ષણ મનાયું હતું. જો કે, કેટલીક મુસ્લિમ સ્ત્રીઓએ બુરખાનો ત્યાગ પણ કર્યો. સ્ત્રીની પોતાની મર્યાદામાં રહીને પરંપરાને અનુસરવા છતાં કેટલીક મુસ્લિમ સ્ત્રીઓએ બુરખામાં જ રહીને અસરકારક સામાજિક-રાજકીય ભૂમિકાઓ ભજવી છે. પુરુષની શારીરિક સક્ષમતા કરતાં સ્ત્રીની સશક્ત અને મજબૂત મનોદશાથી શું થઈ શકે એનું એક સચોટ ઉદાહરણ ૨૦૦૨ માં હૈદરાબાદમાં નોંધાયું છે :

'૨૦૦૨ના ફેબ્રુઆરીથી મેની ગુજરાતની કારમી કત્લેઆમના દિવસો દરમિયાનનું હૈદરાબાદ શહેર. માર્ચની ૧૩મી તારીખ. વાતાવરણમાં ભયંકર ધૂંધવાટ. એ ધૂંધવાટ કયારેક ભડકો થઈ ઊઠે એવી આશંકા. દિવસ શુક્રવારનો હતો. હૈદરાબાદના વિખ્યાત ચાર મિનાર નજીક મક્કા મસ્જિદમાં મુસ્લિમો નમાજ માટે એકત્રિત થયા હતા. રાજયશાસનને ડર લાગી ગયો કે ગુજરાતની કત્લેઆમના માહોલમાં મળેલી આ મેદની કદાચ 'અનિચ્છનીય' વળાંક લઈ બેસે. એવા બનાવની 'અટકાયતરૂપે' પ્રશાસને ઢગલો એક પોલીસ ખડકેલી. પેલા નમાઝીઓ બહાર નીકળીને જો લગીરેય કાંકરીચાળો કરે તો પોલીસની ગોળીઓથી સંખ્યાબંધ લાશો ઢળે. કેટલાક ગરમ લોહીના જુવાનો પથ્થર ફેંકવાના મૂડમાં જ હતા. એ પથ્થર ઉપાડતા આગળ વધ્યા. સામે બંદૂકો ઊપડી પણ...



## WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

પણ એ જ વેળા બાજુની શેરીઓમાંથી બુરખાધારી સ્ત્રીઓનાં ટોળાં નીકળી આવ્યા. પાંચસો-સાતસો જેટલી સ્ત્રીઓ માર્ગો પર આવી ગઈ અને પોલીસ તથા જુવાનિયાઓની વચ્ચે ખડી રહી ગઈ. એમણે પોતાના દીકરાઓને આદેશ આપ્યો : પથ્થર છોડી દો ! થોડી ઘડી તર્જનીઓ બંદૂકના ઘોડા દબાવવા ચંચળ થતી રહી. પણ પછી... પછી પથ્થર છૂટી ગયા. છોકરાઓ નીરવપણે ઘરભણી ચાલ્યા ગયા. બુરખાધારી સ્ત્રીઓએ તે દિવસે રક્તપાત અટકાવ્યો હતો. સ્ત્રીઓ ભલે બુરખામાં હતી, પરંતુ એમણે એક નૈતિક વિજય મેળવ્યો હતો. આ બધી બહેનો 'કોવા' નામના સ્વૈચ્છિક સંસ્થાઓના સમવાયની સભ્ય હતી. આટલી સ્ફોટક પરિસ્થિતિમાં સ્ત્રીઓ આટલી મોટી સંખ્યામાં બહાર આવી અને શાંતિ જાળવવા તથા રક્તપાત નિવારવા એમણે જે મક્કમતા દાખવી, તે સમગ્ર સમાજ માટે એક વિરલ ઘટના કહેવાય.' પુરુષ ભલે શારીરિક રીતે સશક્ત મનાતો હોય પણ સંવેદનશીલ હોવા છતાં સ્ત્રીઓ માનસિક દૃષ્ટિએ પુરુષ કરતાં વધુ સ્ટ્રોંગ હોય છે અને માટે જ સ્ત્રી પોતાની સમસ્યાને કે રોષ અને ગુસ્સાને અન્ય પર ઢોળી ન દેતાં તેનો દૃઢતાપૂર્વક સામનો કરે છે, તો આવો, સ્ત્રીની આ સક્ષમ અવસ્થાને સમજીને ખુલ્લા દિલે તેને બિરદાવતા થઈએ અને પુરુષને પોતાની મર્યાદાઓનો સ્વીકાર કરતા શીખવીએ.

**Last seen :**

એક મનગમતી સાંજે આથમતા સૂરજની સામે ઊભા રહીને,
મારી જાતમાં કશુંક ઉગાડી શકું તો જિંદગી તને થેંક્યુ.
દૂર સુધી દોડ્યા પછી, હાંફતા હાંફતા
મારા જ હૃદયના ધબકારા સાંભળી શકું, તો જિંદગી તને થેંક્યુ.

**- nehalgadhavi101@gmail.com**

# ગુજરાતના સત્તા સમરાંગણમાં સેનાઓ ગોઠવાઈ ગઈ

આપણે ત્યાં કહેવત છેઃ 'આડી રાત એની શી વાત'. ગુજરાત વિધાનસભાની ડિસેમ્બર ૨૦૧૭ની ચૂંટણી આડે હવે ઝાઝા દિવસ રહ્યા નથી.ઈલેકશન પોલ થકી ભાજપ જ વિજયી થવાનો છે એની ગાજવીજ થવા માંડી છે. કૉંગ્રેસના મુખ્ય નેતાઓ બપોર સુધી નીંદર ખેંચીને સાંજના ભાગે અખબારનવીશો સામે ઘોષણાઓ કરે છે કે બસ,સત્તામાં તો અમે જ આવવાના છીએ. છેલ્લા બે દાયકામાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રજા વિજયશ્રીની વરમાળા ભારતીય જનતા પક્ષના ગળામાં પહેરાવાતી રહી છે. કૉંગ્રેસી વરરાજા તો પગ પછાડતા માયરામાંથી ધૂંઆંપૂઆં થતા અલોપ થતા રહ્યા છે. વર્ષો પછી વિધાનસભાની ચૂંટણી પ્રત્યક્ષ રીતે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નહીં લડાય. હા, પરોક્ષ રીતે તો મોદીની પ્રતિષ્ઠાનો જંગ છે એટલે કૉંગ્રેસી નેતા સરદાર પટેલવાળો પેલો સંવાદ ગોખીને મોદી પ્રચાર કરશે કે અમે થાંભલા ઊભા કર્યા હોય તો તેમને ય ચૂંટીને મોકલશો. સામે પક્ષે કૉંગ્રેસ હવે ભીતરઘાત કરનારા શંકરસિંહ વાઘેલાના શિરે પરાજયના દોષનો ટોપલો સેરવી નહીં શકે, કારણ એ હવે રણછોડરાય થઈ ચૂક્યા છે. હા, રાજકારણમાં સક્રિય રહીને ઘાયલ વાઘેલા વેરની વસૂલાત કરવાનું ચૂકવાના નથી. એમનું ખડગ કોનો ભોગ લેશે, એનો ફોડ પાડતા નહીં હોવા છતાં અપત્યપ્રેમમાં રમમાણ બળવાખોર બાપુએ અનિચ્છાએ પણ મોદીતરફી ચોપાટ ખેલવી પડશે. સામે કૉંગ્રેસની સેના માટે ગુજરાતની ગાદી પુનઃપ્રાપ્ત કરવાની આ છેલ્લી તક છે. પરાજિત થઈને તો પક્ષના વિસર્જન સિવાય કોઈ બીજો આરો નથી રહેવાનો.

- કૉંગ્રેસ જો પરાજિત થાય તો પક્ષના વિસર્જન સિવાય કોઈ બીજો આરો નથી રહેવાનો
- કૉંગ્રેસ પાસે નેતાગણ ઘણું છે, ભાજપ પાસે સંઘ પરિવારના આશીર્વાદથી કાર્યકર્તાગણ અફાટ
- બે દાયકાથી કૉંગ્રેસી વરરાજા તો પગ પછાડતા માયરામાંથી ધૂંઆંપૂઆં થતા અલોપ થાય છે
- વર્ષ ૨૦૧૯માં મોદી-નૈયાને પાર ઉતારવાની પૂર્વશરત ગુજરાતની ચૂંટણીમાં વિજય અનિવાર્ય

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે પણ નાકનો પ્રશ્ન છે. કેન્દ્રમાં પ્રધાનપદથી મોકળા રહેવાની જાહેરાત કરનાર શાહની નજર તો ગાંધીનગર ગાદી પર જ મંડાયેલી છે, પણ ધાર્યું દિલ્હીશ્વરનું થાય. આમ પણ પ્રચારક મોદીના આદેશોનું પાલન કરવા માટે સ્વયંસેવકો ટેવાયેલા છે. હાલપૂરતું તો અમિતભાઈને પૂછીને જ પાણી પીનારા વર્તમાન મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના નેતૃત્વમાં ચૂંટણી લડાવાનાં દુદુંભિ પીટવામાં આવે છે, પણ આનંદીબહેન પટેલ ગ્રહણ ટાણે જ સાપ કાઢે નહીં, એટલા માટે એમના માનમરતબાને સાચવવાની વેતરણ પણ ચાલે છે. દીકરી અનાર પટેલને પક્ષની ટિકિટ અપાવવા ઉપરાંત પાટીદારોને રાજી કરીને પડખે લેવાની કવાયતમાં એમને જોડીને નીતિન પટેલ પરના મદારને હળવો કરવાની દિલ્હીશ્વરની ઈચ્છા હોવાનું વધુ લાગે છે.

ક્યાંય કશું કોઈપણ વાતે કાચું કપાય નહીં એટલા માટે ડિસેમ્બર ૨૦૧૭ની વૈતરણી તરીને જ મે ૨૦૧૯માં વિજયપતાકા લહેરાવી શકાય, એ વાત ભગવી બ્રિગેડ સુપેરે જાણે છે. રાજ્યસભાની ચૂંટણી ટાણે ૧૦, જનપથ(સોનિયા ગાંધી)ના ગઢમાં બાકોરાં પાડીને ગઢ જીતવાના પેંતરા કરવા જતાં ભગવી બ્રિગેડ માટે 'ગઢ પણ ગેલા આણિ સિંહ પણ' જેવો ઘાટ રચાયો. શંકરસિંહ પુત્ર મહેન્દ્રસિંહના અહેમદ-મિત્ર વેવાઈ બળવંતસિંહ રાજપૂત જેવા અબજોપતિને ફોડીને રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા છતાં એ ચાલનું સૂરસૂરિયું થયાનો ગમ છે. કૉંગ્રેસપ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય મંત્રી (ગુજરાતમાં અને અન્યત્ર એમને સલાહકાર ગણાવાય છે) અહેમદ પટેલ રાજ્યસભાની બેઠક માંડ માંડ જીત્યા એટલે કૉંગ્રેસની સેના હરખપદૂડી થઈ ગઈ. બસ, હવે તો ઈડરિયો ગઢ એટલે કે ગાંધીનગરની ગાદી હાથવેંતમાં માનવા માંડી. જોકે, આ વધુ પડતો વિશ્વાસ છે, છતાં મરણતોલ કે મૂર્છાવસ્થામાં રહેલી કૉંગ્રેસને ચેતનવંતી કરવાની જીવન સંજીવની એને જરૂર મળી છે. ગુજરાતના મીડિયામાં પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ ભરતસિંહ માધવસિંહ સોલંકી ખૂબ ઝળકવા માંડ્યા. ચેનલો અને અખબારોમાં જીતના દાવા થવા માંડ્યા. સોલંકીનું મીડિયા મેનેજમેન્ટ કામે વળ્યું લાગ્યું, પણ સસલા અને કાચબાની સ્પર્ધાવાળી કહાણી એમણે વીસારે પાડી લાગે છે.



## અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ચૂંટણી માટે અગાઉથી દોડવા જતાં ચૂંટણી ટાણે જ એમને થાકોડો અનુભવાશે અને ૩૬૫ દિવસ ઈલેક્શન મોડમાં રહેતી ભાજપી સેના એમને ક્યારે ક્યાં પછાડશે એ કહેવું મુશ્કેલ છે. કૉંગ્રેસ પાસે નેતાગણ ઘણું છે, ભાજપ પાસે સંઘ પરિવારના આશીર્વાદથી કાર્યકર્તાગણ અફાટ છે. બેઉની તુલના અશક્ય છે. પ્રજાએ ભાજપમાં અવિશ્વાસ કરવાનો નિર્ણય કરી જ લીધો હોય તો જ કૉંગ્રેસની વિજયપતાકા લહેરાઈ શકે. ખરેખર આવા સંજોગો લાગતા નથી. ભાજપની સેના આફતને અવસરમાં ફેરવવામાં પાવરધી છે. ઓછામાં પૂરું દિલ્હીની ગાદીએ પણ ભાજપનો ધ્વજ લહેરાય છે ત્યારે હારનાર પક્ષનો જુગાર ખેલવા જેટલી અપરિપક્વ ગુજરાતની પ્રજા તો નથી જ. ભાજપના વહીવટ સામે લાખ વાંધા હશે, ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બન્યાની ફરિયાદ પણ હશે, છતાં કૉંગ્રેસ કને એવી કોઈ જડીબુટ્ટી દેખાતી નથી કે ગાંધીનગરની ગાદીએ ભરતસિંહ કે અહેમદસિંહને બેસાડવાનો રાજમાર્ગ ખોલી આપે. બહુબોલા ભરતસિંહ સત્તાકાંક્ષી દાવાઓની સાથે જ ભાજપનાં મુખ્ય પ્રધાનપદનાં ઉમેદવાર સ્મૃતિ મલ્હોત્રા-ઈરાની હોવાની સોગઠી મારે તો છે,પણ મોદી થકી અહેમદમિયાંવાળી ગુગલી ક્યારે ફરી સ્ટમ્પ-આઉટ કરે એનું કંઈ કહેવાય નહીં.

શંકરસિંહ અને મળતિયાઓની કૉંગ્રેસમાંથી વિદાય પૂર્વે જ કૉંગ્રેસ મોવડીમંડળે પોતાના અલગ અલગ કોટના સંરક્ષકો-કોટવાળો નિયુક્ત કરીને સત્તા માટેનો છેલ્લો ખેલો કરી લેવાનું આયોજન કરી લીધું હતું. પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ ભરતસિંહની સેનામાં ચાર કાર્યકારી પ્રમુખ સહિત વધુ ૩૨ હોદ્દેદારોની ફોજ ૧૦, જનપથે ઉમેરી તો ખરી, પણ રાવણહથ્થાને સરખો કરાવવા જતાં રાવણું ઊઠી તો નહીં જાય ને એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પરેશ ધાનાણી અને કુંવરજી બાવળિયાની નિયુક્તિ થકી અનુક્રમે પટેલ અને કોળી વોટબેંકને સાચવવાની કોશિશ કરાઈ. દક્ષિણ ગુજરાતમાં અમરસિંહ-પુત્ર ડૉ. તુષાર ચૌધરીને કારણે લોકસભા અને વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં કૉંગ્રેસી વાડામાંથી ઘણા નેતા વાડ ઠેકીને ભાજપમાં ભળ્યા હતા, છતાં આ વખતે દક્ષિણ ગુજરાતના ગોવાળ તરીકે તુષારને જ જવાબદારી સોંપાઈ છે. ઉત્તર ગુજરાતમાં કરસનદાસ સોનેરી જેવા અર્ધ-નિવૃત્ત નેતા અને એય પાછા દલિત નેતાને ટેકે કૉંગ્રેસ ગઢ જાળવી રાખવા ઝંખે છે. મુશ્કેલી તો એ છે કે કૉંગ્રેસના નવા હોદ્દેદારો

**અનુસંધાન પાના નં. ૭ પર**